તા. ૨૪.૦૧-૨૦૨૫

ગુજરાત સમાચાર, પાના નં-૦૨

## ૮-૮ મિનિટના અંતરે મેટ્રો ટ્રેન મળી રહેશે

# કોલ્ડપ્લે : મેટ્રો ૨૫-૨૬ના રાત્રે ૧૨:૩૦ સુધી દોડાવાશે

અમદાવાદ,મંગળવાર

અમદાવાદ ખાતે ૨૫-૨૬ જાન્યુઆરીના વિશ્વ વિખ્યાત રોક બેન્ડ કોલ્ડ પ્લેનો કોન્સર્ટ યોજાશે. જેમાં બે દિવસમાં બે લાખ જેટલા ચાહકો ઉમટે તેવી સંભાવના છે. જેના પગલે આગામી ૨૫-૨૬ જાન્યુઆરીના મેટ્રો ટ્રેનને રાત્રે ૧૨:૩૦ સુધી દોડાવાશે.

## મુંબઇ બાદ હવે દિલ્હીથી અમદાવાદ માટે પણ બે સ્પેશિયલ ટ્રેન શરૂ કરાઇ : કુલ ૬ સ્પેશિયલ ટ્રેન

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને જણાવ્યું છે કે, 'કોલ્ડપ્લેના આયોજનને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં બે દિવસ માટે મધ્યરાત્રિના ૧૨:૩૦ સુધી મેટ્રો ટ્રેન લંબાવવા નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૫-૨૬ના લંબાવેલા આ સમય દરમિયાન મેટ્રો ટ્રેન સેવા માત્ર મોટેરા સ્ટેડિયમથી જ એપીએમસી તથા થલતેજ ગામથી વસ્ત્રાલ ગામના રૂટ ઉપર ઉપલબ્ધ રહેશે. મોટેરાથી છેલ્લી ટ્રેન રાત્રે ૧૨:૩૦ના ઉપડશે. લંબાવેલા સમય દરમિયાન માત્ર મોટેરા મેટ્રો સ્ટેશનથી પ્રવેશ થઇ શકશે. ૮-૮ મિનિટના અંતરે મેટ્રો ટ્રેન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવાઇ છે.'

કોલ્ડપ્લેને પગલે મુંબઇ બાદ હવે દિલ્હી-અમદાવાદને સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા સ્ટેશન સ્પેશિયલ ટ્રેન ૨૫મીએ સવારે ૫:૩૦ના રવાના થઇને એ દિવસે રાતના ૧૧ વાગે દિલ્હી સરાય રોહિલા પહોંચશે. આ જ રીતે દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી સ્પેશિયલ ૨૪મીએ સવારે રોહિલ્લાથી સવારે ૮:૧૦ના રવાના થઇને રાત્રે ૧૨:૩૦ના સાબરમતી પહોંચશે. સાબરમતી સરાય રોહિલ્લા ૨૬મીના સવારે ૫:૩૦ના રવાના થઇને રાતે ૧૧ના દિલ્હી સરાય રોહિલ્લા જ્યારે દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી ૨૫મીએ સવારે ૮:૧૦ના રવાના થઇને રાત્રે ૧૨:૩૦ના સાબરતમીમાં આગમન કરશે.